ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**સુરેશ પ્રા ભટ્ટ**
કોલમિસ્ટ, ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૬૨૫૧



**યજ્ઞેશ ભવાનીશંકર ગોર**
મો. ૯૮૨૫૭ ૨૭૮૫૬



**કેતન ભાવસાર**
પ્રમુખ, જુનિયર ચેમ્બર
મો. ૯૮૨૪૩ ૩૯૬૯૩



**વિક્રમ કે પુરબિયા**
સેવક, મુક્તિધામ



**હર્ષ રમણલાલ અમીન**
મો. ૯૭૩૭૮ ૪૮૦૩૫



**ક્રિશિવ જીમીતભાઈ પારેખ**
મો. ૯૦૯૯૫ ૩૭૩૦૪

# આર જી પટેલ અને એસ બી પટેલ સ્કૂલનો આબુ પ્રવાસ

ગાંધીનગર, તા. ૨૭

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની ધોરણ-૧૧, ૧૨ની વિદ્યાર્થીનીઓ માટે બે દિવસીય શૈક્ષણિક પ્રવાસનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની ૧૦૫ જેટલી વિદ્યાર્થીનીઓ ૮ શિક્ષકો સાથે આ શૈક્ષણિક પ્રવાસમાં જોડાઈ હતી.

સિદ્ધપુર અને આબુરોડ ખાતે વિરામ બાદ સવારે ૫.૩૦ કલાકે આ જૂથ માઉન્ટ આબુ પહોંચ્યું હતું, જ્યાં નખી લેક, બ્રહ્માકુમારીઝ પીસ હોલ, અચલગઢ, ગુરુશિખર, બ્રહ્માકુમારી ગાર્ડન, સનસેટ પૉઈન્ટ વગેરે જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી તથા તે અંગે વિશદ માહિતી પણ પ્રાપ્ત કરી.

બીજે દિવસે સવારે માઉન્ટ આબુથી રવાના થઈ સુંધા માતા પહોંચ્યા, દર્શન સંપન્ન કરી બપોરે ત્યાંથી અંબાજી માટે રવાના થયા. સાંજે અંબાજી માતાનાં દર્શન કરી રાત્રે ગાંધીનગર પરત આવ્યા હતા.

પ્રવાસ દરમ્યાન પોતે માણેલી વ્યવસ્થા અને આનંદ માટે સૌ વિદ્યાર્થીનીઓએ શાળા પરિવાર પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# એએફએસ દ્વારા એમ બી પટેલ સ્કૂલ ખાતે શૈક્ષણિક મેળો યોજાયો



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૬

૧૦૦ વર્ષ જૂની નૉન પ્રૉફિટેબલ સંસ્થા એએફએસ દ્વારા આજે શૈક્ષણિક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નગરના વિદ્યાર્થીઓ, વાલીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં એએફએસના માધ્યમથી છેલ્લાં ૮ વર્ષથી વિદેશના વિદ્યાર્થીઓ અભ્યાસ તથા સાંસ્કૃતિક આદાનપ્રદાન માટે આવે છે અને આપણા વિદ્યાર્થીઓ પણ વિશ્વના ખૂણે-ખૂણે જતા થયા છે.

આ જ સંસ્થા દ્વારા રવિવારે એમ બી પટેલ અંગ્રેજી માધ્યમ શાળા, સર્વ વિદ્યાલય કૅમ્પસ, સૅક્ટર-૨૩ ખાતે સવારે ૯થી સાંજે પાંચ કલાક સુધી શૈક્ષણિક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળા અંતર્ગત એએફએસ કલ્ચરલ કાર્યક્રમ અંતર્ગત વિવિધ કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં ધોરણ-૮થી ૧૧ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે વિશેષ માહિતીનું આયોજન કરવામાં આવ્યું હોવાથી આ કક્ષાના વિદ્યાર્થીઓ, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે એએફએસ દ્વારા ક્રિસમસ પર્વની ઉજવણી પણ હાથ ધરવામાં આવી હતી, જેમાં પણ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

# ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ફ્રી ડાયાબિટીસ કૅમ્પ યોજાયો




ગાંધીનગર, તા. ૨૭

ઉમિયા ફાઉન્ડેશન દ્વારા રવિવારે ફ્રી ડાયાબિટીસ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૅક્ટર-૭ શિવશક્તિ ચોક ખાતે આયોજિત આ કેમ્પનો ૧૫૦ જેટલા દર્દીઓએ ભાગ લીધો હતો, જેમાં બે તબીબોએ પોતાની સેવાઓ આપી હતી. ઉમિયા ફાઉન્ડેશનના કાર્યકર પંકજ પટેલ અને પ્રયંક શાહે આ કૅમ્પની સફળતા માટે ભારે જહેમત ઊઠાવી હતી.

આગામી વર્ષ દરમિયાન દર સપ્તાહે ગાંધીનગરમાં વિવિધ સ્થળે આ પ્રકારના કૅમ્પનું આયોજન કરવાની વિચારણા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી છે. ઉપરાંત, નગરજનો માટે રાહત દરે અથવા નિઃશુલ્ક ઍમ્બ્યુલન્સ સેવા પણ ઉપલબ્ધ કરાવવાની તૈયારી ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી છે.

# એલડીઆરપીના વિદ્યાર્થીઓ દ્વારા ફતેપુરા ગામમાં એનએસએસ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૨૭

ઍલડીઆરપી આઈટીઆરના ઍનઍસઍસના વિદ્યાર્થીઓ દ્વારા સૅક્ટર-૧૫માં સ્થિત ફતેપુરામાં સાત દિવસીય કૅમ્પ સંપન્ન કરવામાં આવ્યો હતો.

કૅમ્પ દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા ગામની સફાઈ, ગામની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવ્યું હતું તથા ગામની નાની-મોટી સમસ્યાઓ પર કામ કરવામાં આવ્યું હતું. દરરોજ રાત્રે ગામના ચોકમાં જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા, જે અંતર્ગત સ્ત્રી સશક્તિકરણ, વસતી નિયંત્રણ, શિક્ષણ, ઍચઆઈવી-એઈડ્સ, અંધશ્રદ્ધા અને નશાબંધી જેવા વિષયો આવરી લેવામાં આવ્યા હતા. નાટક, વિડીયો પ્રેઝન્ટેશન અને સંગીતના કાર્યક્રમોનું આયોજન પણ વિદ્યાર્થીઓ દ્વારા અસરકારક રીતે કરવામાં આવ્યું હતું.

વહેલી સવારે પ્રભાતફેરીથી આરંભાતો દિવસ મોડી રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમથી પૂર્ણ થતો હતો. સાત દિવસ ચાલેલા આ કૅમ્પમાં ગામનાં લોકોમાં જાગરૂકતા લાવવાનો નિષ્ઠ પ્રયાસ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. આ કૅમ્પના માધ્યમથી દરેક વિદ્યાર્થીને પોતાની અંદરની પ્રતિભા બહાર લાવી પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવાની સુંદર તક સાંપડી હતી, જેનો દરેક વિદ્યાર્થીએ લાભ ઉઠાવ્યો હતો.

સમગ્ર કૅમ્પનું સંચાલન કૉલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર નોરિન વૈપના દ્વારા અસરકારક રીતે કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
દિલવાલે
૧૨.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૩**
સ્ટાર વૉર્સ
૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દિલવાલે
૧૦.૦૦
છેલ્લો દિવસ
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દિલવાલે
૧૨.૧૫
બાજીરાવ મસ્તાની
સવારે ૧૦.૦૦

### શ્રી સત્તર તાલુકા ઔદીચ્ય સહસ્ત્ર મંડળ દ્વારા

# ૩૪મા જીવન સાથી પસંદગી સંમેલનનું સફળ આયોજન કરાયું






ગાંધીનગર, તા. ૨૭

શ્રી સત્તર તાલુકા ઔદીચ્ય સહસ્ત્ર મંડળ અમદાવાદ દ્વારા શનિવારે નહેરુનગર પાસે વિનસ ગ્રાઉન્ડમાં સવારે ૯ વાગે ૩૪માં જીવન સાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રાહ્મણ સમાજની અંદર જ્ઞાતિની અંદર તથા સંયુક્ત કુટુંબની પરંપરાને જાળવવા માટે છેલ્લાં ૩૩ વર્ષથી સફળતાપૂર્વક આ જીવન સાથી પસંદગી સંમેલનનું આયોજન થઈ રહ્યું છે, જેમાં અત્યાર સુધીમાં ૩૩,૦૦૦થી પણ વધુ યુવક-યુવતીઓએ ભાગ લઈને લગ્નજીવનમાં પ્રવેશ કર્યો છે.

આજના જમાનાની સાથે તાલ મિલાવતા આ વર્ષે આયોજિત સંમેલનમાં ૮૦ ફૂટ લાંબો રેમ્પ-વોક તૈયાર કરવામાં આવ્યો હતો, જ્યાં લગ્નવાંછુક યુવક અને યુવતિ વોક કરશે અને એક વિશાળ એલઈડી સ્ક્રીન ઉપર માતા-પિતા તેમને જોઈ શકે તેવી સુવિધા ગોઠવાઈ હતી. આ વર્ષના સંમેલનને વૈશ્વિક સ્તરે લઈ જવાના ઉદ્દેશ્ય સાથે સમગ્ર કાર્યક્રમનું ઈન્ટરનેટના માધ્યમથી જીવંત પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું. વિદેશોમાં રહેતા બ્રામ્હણ સમાજના લોકો મોબાઈલ અથવા કમ્યુટર મારફતે સમગ્ર કાર્યક્રમને જોઈ શક્યાં હતાં. આ ઉપરાંત સંમેલનની સીડી પણ તૈયાર કરવામાં આવી હતી.

આજના આધુનિક યુગમાં હજીપણ ઘણાં પરિવારો લગ્ન પહેલાં જન્માક્ષર મેળવવાને પ્રાથમિકતા આપે છે ત્યારે જન્માક્ષર મેળવવામાં કોઈપણ પ્રકારની સમસ્યાનો સામનો ન કરવો પડે તે હેતુથી સંમેલનના સ્થળે જ નિષ્ણાત જ્યોતિષના સ્ટોલ ગોઠવવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત લગ્નજીવનની શરૂઆત કરવા જઈ રહેલાં યુવક-યુવતિઓમાં થેલેસેમીયા અંગે જાગૃતિ ફેલાવવા માટે એચસીજી હોસ્પિટલ અને રેડક્રોસના સહયોગથી થેલેસેમીયા ટેસ્ટની પણ સુવિધા ગોઠવવામાં આવી હતી. આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા માટે એમડી ડોક્ટર અને એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. જીવન સાથી પસંદગી સંમેલનનો વિચાર વહેતો કરનાર આ સંસ્થા પ્રથમ છે અને હવે અમે ૩૪માં સંમેલનનું આયોજન કરાયું હતું. જૂની માન્યતાઓ અને નવા અભિગમને અપનાવીને અમે કાર્યક્રમમાં આયોજનમાં જરૂરી બદલાવ પણ લવાયો છે. જન્માક્ષર મેળવવાની સુવિધા તથા થેલેસેમીયાના ટેસ્ટ કરાવવા અંગે યુવાનોમાં જાગૃતિ ફેલાવવા માટે પણ હોસ્પિટલ સાથે જોડાણ કરાયું હતું. આધુનિક જમાનાના યુવક-યુવતિઓમાં સંયુક્ત કુટુંબમાં રહેવાની ભાવના કેળવાય તે માટે પણ સમાજ પ્રયત્નશીલ છે.

# જરૂરિયાતમંદ ખુશ થાય એ મારું સુખ



૧૪ વર્ષની વયે જ્યાં વ્યક્તિ પોતાની જ સમસ્યા ઉકેલવામાં અક્ષમ હોય એવી ઉંમરથી જ લોકહિતનાં કાર્યોમાં જોડાયેલા દીતલા, અમરેલીના વતની મનસુખભાઈ ગગલામી (બિસ્કીટ કાકા)ના સેવાયજ્ઞનો વ્યાપ આજે એટલો વધ્યો છે કે સેવા જાણે તેમના નામનો પર્યાય બની ગઈ છે. પણ છેલ્લાં ચાર દાયકાથી આદિવાસી પ્રજામાં સમાજ સેવાનાં કાર્યોમાં ઉલ્લેખનીય સેવાકાર્ય કરી રહેલા મનસુખભાઈ નામ કરતાં તેમનું કામ વધુ બોલે છે. કાર્ય કરવામાં વિશ્વાસ ધરાવનારા ૮૩ વર્ષના બિસ્કીટ કાક લોકોના હિતમાં જ મનનું સુખ સમજે છે. સાતમા ધોરણનો અભ્યાસ પૂર્ણ કરી વર્ષ ૧૯૫૧માં સોળ વર્ષની ઉંમરે મુંબઈ આવ્યા. સમાજહિતનાં કાર્યો કરવાની પ્રેરણા એમને માતુશ્રી ગોદાવરીબેન મોહનલાલ ગગલાણી પાસેથી મળી. એમનું વધુ પડતું જીવન મહારાષ્ટ્ર કે ધરમપુર, વલસાડનાં આદિવાસી વિસ્તારોમાં વિત્યું. સતત આદિવાસીઓના ઉત્કર્ષમાં પ્રવૃત્ત રહ્યા.

શરૂઆતમાં તેઓ આદિવાસી વિસ્તારોની આશ્રમશાળાઓમાં બિસ્કીટ લઈને જતા હતા, તેથી હીરાના વેપારી મફતકાકાએ તેમનું નામ બિસ્કીટ કાકા પાડ્યું ને એ નામ પછી લોકોમાંય સ્વીકારાયું.

એમનાં સેવાકાર્યોની સુવાસ એ છે કે ચાર દાયકા દરમ્યાન દર વર્ષે મકરસંક્રાન્તિ વેળાએ બાળકોને લાડુ અને આદિવાસી યુવક-યુવતિઓનાં સમૂહ લગ્ન યોજાય છે. અત્યાર સુધીમાં આવાં ૪૫૦થી વધુ જોડાઓએ પ્રભુતામાં પગલાં માંડ્યાં છે. આ ઉપરાંત શૈક્ષણિક સત્રના પ્રારંભે વિદ્યાર્થીઓને નોટબૂક્સ, બૂક્સની ભેટ, જરૂરિયાતોને અનાજનું દાન તો ખરું જ. બીજાની મદદ માટે તત્પર રહેવું એ જ એમનો જીવનમંત્ર છે. અલબત્ત, એમને એ માટે અન્ય લોકોની સહાય પણ મળી રહે છે એવું તેઓ કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારે છે. 'જરૂરિયાતમંદ ખુશ થાય એ મારું સુખ અને જરૂરિયાતમંદોને સહાયરૂપ થતા જ રહેવું જોઈએ' એવી એમની માન્યતા છે.

એમની ઈચ્છા છે કે ગુજરાતના તમામ વિસ્તારોમાં જ્ઞાન પરબ (વાંચનાલય)નો પ્રારંભ કરવો. આ માટે જવાબદારી ઉઠાવનારા જ્ઞાનપિપાસુને પુસ્તકો, કબાટો નિઃશુલ્ક આપવાની એમની તૈયારી છે.

એમની પ્રવૃત્તિની સુવાસ એટલી પ્રસરી છે કે હવે દાન દેનારાઓ સામેથી એમને શોધી કાઢે છે અને એમના સુધી દાન પહોંચાડી પણ દે છે, જેનો ઉપયોગ તેઓ સમાજને અર્પણ કરવામાં કરે છે. બને ત્યાં સુધી દાતાઓ દાન પ્રસંગે ઉપસ્થિત રહે અને પોતાના દાનનો સદુપયોગ થતો જુએ એવો એમનો આગ્રહ ખરો, પણ દરેક દાતા એવો આગ્રહ રાખતા નથી અને એમની પર ભરોસો કરીને દાનનો પ્રવાહ વહાવે છે.

તમારેય બિસ્કીટ કાકાના માધ્યમથી સમાજની સેવા કરવી હોય તો આ રહ્યો એમનો મોબાઈલ નંબર :૯૭૬૯૬૦૧૬૪૦.

**- મનીષ પી દવે**

# વિવેકાનંદ સંસ્કાર તપોવન દ્વારા આનંદ મેળાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૭

રામકૃષ્ણ પરમહંસ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ સંસ્કાર તપોવન દ્વારા બાળકોના સર્વાંગી ઘડતરના પ્રયાસો રૂપે આનંદ મેળાનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું.

બાળકોમાં રહેતી સુષુપ્ત શક્તિઓ બહાર આવે તે હેતુસર આનંદમેળા અંતર્ગત વિવિધ પ્રકારના ખાણીપીણીના સ્ટોલ્સ બાળકો દ્વારા જ તૈયાર કરાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત બાળકોએ કટલરી, ગેમ્સ, રાયફલ શૂટીંગ વગેરેના સ્ટોલ્સનું પણ આયોજન સફળતાપૂર્વક કર્યું હતું.

આનંદમેળાનું ઉદ્ઘાટન સપનાબેન વ્યાસ દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ જાદવભાઈ ખીચડીયા, ટ્રસ્ટી મંડળ, મુખ્ય વ્યવસ્થાપક સુરેશભાઈ પટેલ, સાથીઓ સુનિલભાઈ, હેતલબેન, અલ્પાબેન તેમજ રમણભાઈ અને અજિતભાઈએ ખૂબ જહેમત ઊઠાવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બાળકોમાં એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેમણે ખૂબ આનંદ પ્રાપ્ત કર્યો હતો.